## 'વિશ્વમાનવ' ડીવીડી લોકાર્પણ

૨૩ ફેબ્રુઆરીના રોજ ગુજરાત લેક્સિકોન, ઓપિનિયન મેગેઝિન, નિરીક્ષક ફાઉન્ડેશન દ્વારા ચોથું રતિલાલ ચંદરયા સ્મૃતિ વ્યાખ્યાન અને 'વિશ્વમાનવ' ડીવીડી લોકાર્પણનો કાર્યક્રમ ગોવર્ધન સ્મૃતિ ભવન, અમદાવાદ ખાતે યોજાયો.

કાર્યક્રમની શરૂઆત સ્મૃતિ વ્યાખ્યાન દ્વારા થઈ. જેમાં ઉર્વીશ કોઠારીએ ગુજરાતી : લોકભાષા, જ્ઞાનભાષા, ભવિષ્યભાષા વિષય પર પોતાના વિચાર મૂક્યા. તેમના વ્યાખ્યાનનો ટૂંકસાર કંઈ આ મુજબનો હતો કે, 'લોકભાષા ગુજરાતી મરી જશે તેવા ખોટાં ભ્રમમાં કે ભયમાં જીવવાની જરૂર નથી. ભાષાનું સ્વરૂપ બદલાશે. ભાષાનું શું થશે તેવી ચિંતા કરવાની રહેતી નથી. આપણને જે ભાષા આવડે તે દરેક માટે પ્રેમ રાખવો.... આપણને મા ગમે એટલે આપણે કાંઈ માસીને નકારતા નથી. ભાષાનું કામ પ્રત્યાયનનું છે, જ્યાં સુધી એ ચાલશે ત્યાં સુધી લોકભાષા જીવશે, ટકશે.

'માધ્યમોની ચર્ચામાં આપણું બાવાનાં બેય બગડ્યાં જેવું થયું. આપણાં બાળકો સારું ગુજરાતી કે અંગ્રેજી ભણી શકતાં નથી. માધ્યમને ભાષાપ્રેમ સાથે સંબંધ નથી. ભાષાને પ્રેમ કરતા શીખવીએ તો કોઈપણ ભાષા જળવાય. ગુજરાતી જ્ઞાનની ભાષા બને તો કામ વધુ મહત્ત્વનું બને. આપણી ભાષામાં જ્ઞાન નથી એવું નથી. આપણે વ્યાપક રીતે તેને પહોંચાડી શકતાં નથી એટલે નાના વર્તુળ પૂરતું સીમિત બને છે અને સમય જતાં નાશ પામે છે.

'ભાષાની ચિંતા કરનારા ચિંતા કરીને બેસી રહે છે, જ્યારે ભાષા માટે નિસબત ધરાવતી વ્યક્તિઓ ચિંતા કર્યા પછી ભાષા માટે આગળ કશુંક કરવા તત્પર પણ હોય છે. તે નિસ્બતમાંથી ભાષાને ટેકનોલોજીમાં ઢાળવાનો પ્રયત્ન થાય છે. એક રીતે ભાષાની ઉંમર અને તંદુરસ્તીમાં વધારો થાય છે અથવા તે તરફનો પ્રયત્ન થાય છે.

'ટેકનોલોજીને ભાષા પરનું આક્રમણ માનતી વ્યક્તિઓ સામે ટેકનોલોજીને સાધન બનાવી ભાષા માટે કામ કરતી વ્યક્તિઓ આપણને મળી જે ગુજરાતીને ભવિષ્યમાં ટકાવી રાખવામાં મદદરૂપ થશે.'

ત્યારબાદ આવનારા દિવસોમાં કયા પ્રકારનાં કામો કરવામાંા આવશે તેનો ચિતાર ગુજરાત લેક્સિકોન દ્વારા આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાત લેક્સિકોન દ્વારા સાર્થ જોડણી કોશ અને ભગવત ગોમંડળની મોબાઈલ એપ વિકસાવવામાં આવેલી છે. આ ઉપરાંત વેબસાઈટ તેમજ વિવિધ Social Media દ્વારા તેઓ ગુજરાતી ભાષા પ્રચાર-પ્રસારનાં કામો સતત કરતા હોય છે.

કાર્યક્રમના બીજા ભાગમાં 'વિશ્વમાનવ'ની ડીવીડીનું લોકાર્પણ કરવામાં આવ્યું. ભોગીભાઈ ગાંધી દ્વારા સ્થાપિત 'વિશ્વમાનવ' સામયિકની ૧૯૫૮થી ૧૯૯૨ સુધી ડિજિટલ આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. આ ઉપક્રમે 'વિશ્વમાનવ' સાથેનાં અને ભોગીભાઈ ગાંધી તેમજ સુભદ્રાબહેન ગાંધી સાથેનાં સ્મરણો પ્રકાશ ન. શાહ, ગુલામ મોહમ્મદ શેખ, સુમન શાહ અને યોગેશ જોશી દ્વારા વ્યક્ત કરવામાં આવ્યાં.

૦ વિશ્વમાનવની યાત્રા અંગેનો વિસ્તૃત અને માહિતીસભર લેખ 'નહીં કશું ગુમાવવું ફક્ત શૃંખલા બેડીઓ' (પ્રકાશ ન. શાહ) વાંચી શકાય. નિરીક્ષક અંક : ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૯.

૦ સ્મૃતિ વ્યાખ્યાન સહિતનાં વક્તવ્યો સાંભળવા ગુજરાત લેક્સિકોનની Youtube Chanal પર જશો.

'વિશ્વમાનવ' એટલે માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા ઝંખતું સામયિક. ૧૯૫૮થી ૧૯૯૨ દરમ્યાન પ્રકાશિત અમૂલ્ય વાચન સામગ્રી હવે ડીવીડી અને પેનડ્રાઈવ સ્વરૂપે ઉપલબ્ધ છે. 'વિશ્વમાનવ' ડીવીડી મેળવવા માટે સંપર્ક :

ગુજરાત લેક્સિકોન, ૪૧૦-શિરોમણિ કોમ્પ્લેક્ષ, ઝાંસીની રાણી
બીઆરટીએસ. બસસ્ટેન્ડ સામે, નહેરુનગર, અમદાવાદ.
કિંમત રૂ. ૧૦૦૦. સમય : ૧૦:૩૦ થી ૩:૦૦
ફોન : ૦૭૯-૪૮૯૦૯૭૫૮

---

**અલવિદા કૃષ્ણા...** (પાન ૨૧નું ચાલુ)

વાસ્તવિકતાઓથી પરિચિત છે અને તે અંગે ધોરણસરનું વાંચન ધરાવતાં હોય... અતિશયોક્તિ સાથે લખતાં ન હોય... તેઓ માટે જરૂરી છે કે તેઓ સત્તા (એસ્ટાબ્લીશમેન્ટ)થી અંતર રાખે.'

કૃષ્ણા સોબતી, હવે આપણી વચ્ચે નથી પરંતુ તેમનું જીવન-સાહિત્ય આપણને પ્રેરણા આપતું રહેશે, ખાસ કરીને એવા સમયે જ્યારે સંસ્થાઓની સ્વાયત્તતા માટે આપણો સંઘર્ષ ચાલતો હોય અને સાહિત્ય/કળા એ ધર્મસત્તા અને રાજ્યસત્તાની આશ્રિત કે ગુલામ બની રહી હોય.

**– પાર્થ ત્રિવેદી**


'ભૂમિપુત્ર'
(ફોર્મ-૪ નિયમ-૮ પ્રમાણે)

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : 'ભૂમિપુત્ર' કાર્યાલય હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |
| ૨. પ્રકાશન અવધિ | : મહિનામાં બે વખત |
| ૩. મુદ્રક-પ્રકાશકનું નામ | : રજની દવે |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : 'ભૂમિપુત્ર' કાર્યાલય હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |
| ૪. સંપાદકનું નામ | : રજની દવે |
| સંપાદક મંડળ | : સ્વાતિ, પારુલ, |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : 'ભૂમિપુત્ર' કાર્યાલય હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |
| ૫. માલિકનું નામ | : યજ્ઞ પ્રકાશન સમિતિ 'ભૂમિપુત્ર' કાર્યાલય હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |

હું, રજની દવે આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૧૯ (સહી)
વડોદરા રજની દવે-પ્રકાશક